જા.ન/પ્રાથમિક/૨૦૨૨/૧૨૦

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઇન્સ,સુરત
તા.૧૩-૦૧-૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત શહેરી વિસ્તારની બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ તમામ

૨/- નકલ રવાના જાણ તથા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,ગાંધીનગરના ઉક્ત પરિપત્ર મુજબ જરૂરી કાર્યવાહી કરી સમય મર્યાદામાં રજુ કરવા અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

Scanned by CamScanner

ક્રમાંક:- પ્રા.શ.નિ./ખ.૨/માન્યતા/૨૦૨૨-૨૩/૩૫૨-૪૧૯

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી
બ્લોક નં. ૧૨/૧ડી. જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર તા. ૧૨/૦૧/૨૦૨૨

પ્રતિ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)

વિષયઃ- શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ ના શરૂ થતાં નવા સત્રથી બિન અનુદાનિત (નોન ગ્રાન્ટેડ) ખાનગી પ્રાથમિક શાળાની મંજૂરી બાબત.

સંદર્ભ- આ કચેરીના પત્ર ક્રમાંક- પ્રાશિનિ/ખ.૨/મંજૂરી/૨૦૨૨-૨૩/૨૭૩-૩૫૧ તા. ૧૨/૦૧/૨૦૨૨

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, રાજયમાં આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ એટલે કે જુન ૨૦૨૨ થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષમાં નવી નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓની/માન્ય નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓમાં વર્ગ વધારો/ક્રમિક વર્ગ વધારાની માન્યતા માટે વેબપોર્ટલ સાઇટ http://newschool.orpgujarat.com ઉપરથી Online અરજી કરવાની જાહેરાત સંદર્ભદર્શિત પત્રથી આપેલ છે. તેની નકલ આપને ઇ-મેઇલ થી મોકલી આપેલ છે. જે તા.૧૩/૦૧/૨૦૨૨ ના ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્ય ભાસ્કરના દૈનિક પેપરમાં પ્રસિધ્ધ થયેલ છે. અરજી કરવાની સમય મર્યાદા તા. ૧૫/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૦૧/૨૦૨૨ સુધીની છે. તમામ આધાર સાથે અરજી સાથે આધાર-પુરાવાની ફાઇલ સ્વીકરવાની સમયમર્યાદા તા. ૧૫/૦૧/૨૦૨૨ થી તા. ૦૪/૦૨/૨૦૨૨ સુધીની રહેશે. જયારે સંસ્થા ધ્વારા આધાર-પુરાવાની ફાઇલ મલ્યા બાદ મોડામાં મોડા તા. ૧૨-૦૨-૨૦૨૨ સુધીમાં ટીમ બનાવીને ચકાસણીની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે. અને ચકાસણીની પ્રકિયા પૂર્ણ થયા બાદ તમામ દરખાસ્તો ઉપર માન્યતા અંગેના જરુરી નિર્ણયો લઇ તા. ૧૪-૦૨-૨૦૨૨ સુધીમાં હુકમો ઓનલાઇન કરવાના રહેશે.

ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ- ૧૯૪૭, મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો- ૧૯૪૯ના નિયમ- ૧૦૬ તથા ગુજરાત RTE રૂલ્સ ૨૦૧૨ ના નિયમ- ૧૩ ની જોગવાઇ મુજબ રાજયમાં એકસૂત્રતા જળવાઇ રહે તે માટે માન્યતાની અરજીઓની ચકાસણી માટેનું ચેકલિસ્ટ આ સાથે સામેલ કરેલ છે. ચેકલિસ્ટ મુજબ અરજીઓ ચકાસણી કરાવવાની રહેશે. શાળાનું મકાન અને રમત-ગમતનું મેદાન સંસ્થાની માલિકીનું હોવા અંગેના આધાર અથવા શાળાનું મકાન અને રમતગમતનું મેદાન ઓછામાં ઓછું ૧૫ વર્ષની રજિસ્ટર્ડ લીઝ પર હોવા અંગેના આધારોની વિગતો શિક્ષણ વિભાગના તા. ૨૦/૧૨/૨૦૧૯ ના જાહેરનામા મુજબ ચકાસવાના રહેશે. તેમજ આ વર્ષે ઓનલાઇન એપ્લીકેશનની સાથે સરકારશ્રીએ નવી ખાનગી પ્રાથમિક શાળા, ક્રમિક વર્ગ વધારો કે વર્ગ વધારા માટે નિયત કરેલ પ્રોસેસીંગ ફીની રકમ સાયબર ટ્રેઝરી મારફત ઓનલાઇન નેટ બેન્કીંગથી જમા કરાવવાની છે. જેથી સંબંધિત સંસ્થાની ફી અંગેની ટ્રાન્ઝેકશન રીસીપ્ટની ચકાસણી કરવાની રહેશે.

નવી નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓની માન્યતા આપવા અથવા નકારવા માટેનો નિર્ણય, સામેલ ચેકલિસ્ટ અને સ્થળ મુલાકાતને આધારે તપાસ અધિકારીના સ્પષ્ટ અભિપ્રાયને ધ્યાને લઇ આપવાનો રહેશે.

જો માન્યતા માટેની શરતો પૂર્ણ થતી હોય તો તે મુજબનો અભિપ્રાય સ્પષ્ટ રૂપે આપવાનો રહેશે. જો શાળા ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ – ૧૯૪૭, મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો – ૧૯૪૯, આર.ટી.ઇ. એકટ- ૨૦૦૯, આર.ટી.ઇ. રુલ્સ - ૨૦૧૨ મુજબના માપદંડ પૂર્ણ ના કરતી હોય તો, કઇ કઇ બાબતોમાં અધૂરાશ અથવા અપૂર્તતા છે તેની યાદી તપાસ અધિકારીએ તૈયાર કરીને આપવાની રહેશે.

ચેકલિસ્ટમાં દર્શાવેલ તમામ વિગતો તપાસ અધિકારી પાસેથી તમને મળ્યા પછી ઇન્ડેક્ષ- બી દ્વારા ફાળવેલ તમારા પાસવર્ડનો ઉપયોગ કરી અપલોડ કરવાના રહેશે.

તપાસ અધિકારીના અભિપ્રાયને ધ્યાને લઇ સક્ષમ અધિકારીએ જો માન્યતા આપવા પાત્ર હોય તો માન્યતા આપવાનો હુકમ તપાસ અધિકારીના રિપોર્ટ મળ્યેથી મોડામાં મોડું તા. ૧૪/૦૨/૨૦૨૨ સુધીમાં ઓનલાઇન કરવાનો રહેશે. અને જો શાળાને માન્યતા આપવા પાત્ર ન હોય તો નામંજૂરીના વિગતવાર કારણોની યાદી સાથેનો વિગતવાર હુકમ (Speaking Order) પણ મોડામાં મોડું તા. ૧૪/૦૨/૨૦૨૨ સુધીમાં ઓનલાઇન કરવાનો રહેશે. દા.ત. કેટલા કિસ્સાઓમાં આ કચેરીના ધ્યાન પર

Scanned with CamScanner

Scanned by CamScanner

આવેલ છે કે, "RTE Act- ૨૦૦૯ ની જોગવાઇઓનું પાલન ન થતું હોવાથી માન્યતા આપવામાં આવતી નથી. અથવા શાળા દ્વારા પૂરતા આધારો આપવામાં આવેલ નથી" આવા અસ્પષ્ટ આદેશોને બદલે સ્પષ્ટ કારણો સાથે એટલે કે RTE Act/રૂલ્સની તથા અન્ય કઇ કઇ બાબતોની અપૂર્તતા છે? તેની યાદી સાથેનો હુકમ કરવાનો રહેશે. મંજૂરી/ ના-મંજૂરીના હુકમની ઓનલાઇન ડેટા એન્ટ્રી, જાવક નંબર અને તારીખ સાથે વેબપોર્ટલ પર કરવાની રહેશે. માન્યતાનું પ્રમાણપત્ર જિ.શિ.અ. / જિ.પ્રા.શિ.અ. ઓનલાઇન પ્રિન્ટ કાઢી શકે તેવી વ્યવસ્થા પોર્ટલ પર કરવામાં આવેલ છે. આથી મંજૂરી/ના-મંજૂરીના હુકમ અને માન્યતા પ્રમાણપત્ર પર જિ.શિ.અ. / જિ.પ્રા.શિ.અ. દ્વારા ઓનલાઇન કરવાના રહેશે.

સક્ષમ અધિકારીના હુકમથી નારાજ થવાના પ્રસંગે સંસ્થા RTE રૂલ્સ- ૨૦૧૨ ના નિયમ ૧૩ (૮) ની જોગવાઇ મુજબ "પ્રાથમિક શિક્ષણ નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર, બ્લોક નં. ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય ગાંધીનગર" ને નામંજૂરીના હુકમની તારીખથી ૩૦ દિવસમાં વેબપોર્ટલ સાઇટ http://newschool. orpgujarat.com ઓનલાઇન અપીલ કરી શકશે. ઓનલાઇન અપીલ કરવાની દરખાસ્તમાં તમામ સાધનિક આધારો (અરજી સાથે જોડેલ હોય તે તમામ) સાથે તથા નામંજૂરીના કારણો બાબતે જે આધાર-પુરાવા રજુ કરવા માંગતા હોય તે તમામ આધારો સાથે ઓનલાઇન અપીલ કરવાની રહેશે તેવો સ્પષ્ટ ઉલ્લેખ, માન્યતા નકારવા અંગેના જિલ્લા કક્ષાના હુકમમાં કરવાનો રહેશે. જિલ્લા કક્ષાએ નિયત રજિસ્ટર નિભાવવાનું રહેશે. જિલ્લા કચેરીએ આ સાથે સામેલ નિયત પત્રકમાં માહિતી ભરી આદેશો કર્યા બાદ અત્રેની કચેરીને મોકલી આપવાના રહેશે.

આપના દ્વારા નકારવામાં આવેલ દરખાસ્તો ઉપરની આ કચેરીને મળેલ અપીલો ઉપરની સુનાવણીની કાર્યવાહી માર્ચ- ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાની હોઇ, આપને મળેલ તમામ દરખાસ્તો ઉપર માન્યતા અંગેનો જરૂરી નિર્ણયો લઇ હુકમો કરવાની કાર્યવાહી મોડામાં મોડા તા. ૧૪/૦૨/૨૦૨૨ સુધીમાં કે તે પહેલાં થઇ જાય તેવી વ્યવસ્થા કરશો.

આર.ટી.ઇ. પ્રવેશને ધ્યાને લઇ ધોરણ- ૧ થી ૫ ની નવી શાળાઓ શરૂ કરવાની દરખાસ્તોને ટોચ અગ્રતા આપી તાત્કાલિક નિર્ણય લઇ હુકમો ઓનલાઇન કરવાના રહેશે. ત્યારબાદ સમયમર્યાદામાં જ અન્ય અરજીઓ અંગે નિર્ણયો ઓનલાઇન હુકમો કરવાના રહેશે.

પરિપત્રમાં જણાવેલ સૂચનાઓ તથા ચેક લીસ્ટની શરતોનું પાલન થતુ ન હોય તો અરજી મંજૂર કરી શકાશે નહિ. તેમ છતાં જો અરજી મંજૂર કરવામાં આવશે તો સંબંધિત અધિકારી સામે નિયામાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

(ડૉ. એમ.આઇ. જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

બિડાણઃ-
(૧) સંદર્ભ દર્શિત પત્ર (૨) જાહેરાતની નકલ (૩) ફોર્મ ભરતાં ધ્યાનમાં લેવાની સૂચનાઓ (૪) ચેકલિસ્ટ

શીડયુલ

| ક્રમ | વિગત | કયાં સુધીમાં કાર્યવાહી પૂર્ણ કરવાની છે |
|---|---|---|
| ૧ | ઓનલાઇન અરજી કરવાનો સમયગાળો | તા. ૧૫-૦૧-૨૦૨૨ થી તા. ૩૧-૦૧-૨૦૨૨ |
| ૨ | અરજી સ્વીકારવાનો સમયગાળો | તા. ૧૫-૦૧-૨૦૨૨ થી તા.૦૪-૦૨-૨૦૨૨ |
| ૩ | ટીમો દ્વારા ચકાસણી કાર્યવાહી પૂર્ણ કરવી | અરજી મળેથી મોડામાં મોડા તા.૧૨/૦૨/૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવી |
| ૪ | માન્યતા અંગે નિર્ણય લઇ હુકમો કરવાની છેલ્લી તારીખ | તા. ૧૪/૦૨/૨૦૨૨ |
| ૫ | અપીલની છેલ્લી તારીખ/ (હુકમની તારીખથી ૩૦ દિવસમાં) | હુકમની તારીખથી ૩૦ દિવસમાં |
| ૬ | અપીલની સુનાવણી | માર્ચ- ૨૦૨૨ અંતિત |

નોંધ - જેમ જેમ દરખાસ્તો મળે તેમ તેમ તેની ચકાસણી પૂર્ણ કરાવી લેવી. દરખાસ્તોની ચકાસણી જેમ જેમ થતી જાય તેમ તેમ દરખાસ્તો અંગે નિર્ણય ઝડપથી લેવાનો રહેશે. ધોરણ ૧ થી ૫ ની શાળાઓની દરખાસ્તોને ટોચઅગ્રતા આપી તાત્કાલિક નિર્ણય લઇ હુકમો કરવાનો રહેશે.

Scanned with CamScanner
Scanned by CamScanner

ક્રમાંકઃ- પ્રા.શ.નિ./ખ.૨/મંજુરી /૨૦૨૨-૨૩/૨૭૩-૩૫૧

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી
બ્લોક નં. ૧૨/૧ડા. જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર તા.૧૨/૦૧/૨૦૨૨

પ્રતિ

માહિતી નિયામકશ્રી,
બ્લોક- ૨૦/૧, ડાં. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર

વિષયઃ- શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ ના શરૂ થતાં નવા સત્રથી બિન અનુદાનિત (નોન ગ્રાન્ટેડ) નવી ખાનગી પ્રાથમિક શાળા શરૂ કરવા તથા ક્રમિક વર્ગ / વર્ગવધારાની મંજૂરી અંગે પરવાનગી માટે દરખાસ્ત રજૂ કરવા જોગ જાહેરાત પ્રસિધ્ધ કરવા બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે વર્તમાન પત્રો જોગ જાહેર ખબરનો મુસદ્દો આ સાથે સામેલ રાખી મોકલી આપતાં જણાવવાનું કે, સદરહુ જાહેર ખબર તા. ૧૩/૦૧/૨૦૨૨ ના રોજ ગુજરાત રાજ્યના વિવિધ વિસ્તારમાં પ્રસિધ્ધ થતાં નીચેનાં દૈનિક પત્રોમાં પ્રસિધ્ધ થાય તે સારૂં ઘટતું કરવા વિનંતી છે.

| | | |
|---|---|---|
| (૧) | સંદેશ | તમામ આવૃત્તિ |
| (૨) | ગુજરાત સમાચાર | તમામ આવૃત્તિ |
| (૩) | દિવ્ય ભાસ્કર | તમામ આવૃત્તિ |

ઉપરોક્ત જાહેરાતના બીલો મંજુરી કરેલ ભાવપત્રકની નકલ સાથે આ કચેરીને ઉપર જણાવેલ સરનામે મોકલવા વિનંતી છે.

નોંધ પરના માન. નિયામકશ્રીના આદેશાનુસાર

સંયુક્ત શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

બીડાણ ઃ ઉપર મુજબ (પાંચ નકલ)

નકલ સવિનય રવાના જાણ સારૂં

- સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક) શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા શિક્ષણાધિકરીશ્રી, તમામ

Scanned with CamScanner
Scanned by CamScanner

જૂન-૨૦૨૨ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી નવી "નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓ અને નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓમા ક્રમિક / વર્ગ વધારાના નોન ગ્રાન્ટેડ વર્ગો" શરૂ કરવાની પરવાનગી માટે ઓનલાઇન દરખાસ્ત રજૂ કરવા જોગ જાહેરાત.

# :: જાહેરાત ::

જૂન-૨૦૨૨ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી જે ટ્રસ્ટ/સંસ્થા /કંપની નવી નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળા (ધોરણ-૧ થી ૫) અને નવી નોન ગ્રાન્ટેડ ઉચ્ચ ખાનગી પ્રાથમિક શાળા (ધોરણ- ૬ થી ૮) શરૂ કરવા અથવા ક્રમિક વર્ગ / વર્ગ વધારાની મંજૂરી મેળવવા માંગતા હોય તેવા ટ્રસ્ટ/સંસ્થાઓ/કંપની આ કચેરીની વેબ સાઈટ http://newschool.orpgujarat.comઉપરથી નિયત અરજી પત્રકમાં વિગત ભરી અને પ્રિન્ટ કરી આધારો સાથે તા. ૧૫-૦૧-૨૦૨૨ થી તા. ૩૧-૦૧-૨૦૨૨ સુધીમાં જે તે જિલ્લાના અધિકૃત અધિકારીશ્રી એટલે કે જિલ્લા પંચાયતો વિસ્તાર માટે જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને અધિકૃત નગરપાલિકા/મહાનગર પાલિકા તથા કેન્ટોનમેન્ટ વિસ્તાર માટે જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને અરજી કરવાની રહેશે. આ અરજીની હાર્ડ કોપી (તમામ આધારો સાથે ચેકલીસ્ટ બનાવીને) તા.૧૫-૦૧-૨૦૨૨ થી તા.૦૪-૦૨-૨૦૨૨ સુધીમાં જે તે સંબંધિત જિ.શિ.અધિ./ જિ.પ્રા.શિ.અધિ.ની કચેરીમાં જમા કરાવવાની રહેશે.

રજી ફીઃ નવી ખાનગી પ્રાથમિકશાળા/નવી ખાનગી ઉચ્ચ પ્રાથમિક શાળા શરૂ કરવા માટે (ધોરણ-૧ થી ૫ ની મંજુરી મળેલ હોય અને પ્રથમવાર ધો. ૬ અથવા ૬, ૭ અથવા ૬,૭,૮ શરૂ કરવા માટે) અરજી સાથે રૂ.૨૫,૦૦૦/- અને વધારાના /ક્રમિક વર્ગો ખોલવાની અરજી સાથે દરેક વર્ગ દીઠ રૂ.૫,૦૦૦/- ની ફી રકમ ઓનલાઇન અરજી સબમીટ કર્યા બાદ ઓનલાઇન સાયબર ટ્રેઝરી મારફતે નેટ બેન્કીંગથી ભરવાની રહેશે. જે " 0202-01-પ્રાથમિક શિક્ષણ-800-અધર રીસીપ્ટ" સદરે જમા રહેશે. નેટ બેન્કીંગથી સફળતાપૂર્વક દરખાસ્ત ફી (પ્રોસેસીંગ ફી) જમા થયા બાદ જ ફોર્મની અને ટ્રાન્ઝેકશન રીસીપ્ટની પ્રિન્ટ મેળવી શકાશે. ઓનલાઇન જમા કરાવેલ ફીની ટ્રાન્ઝેકશન રીસીપ્ટની નકલ સંબંધિત અરજી સાથે જોડવાની રહેશે. આ પ્રોસેસીંગ ફી ની રકમ કોઈપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી. ધોરણ- ૧ થી ૫ ની પ્રાથમિક શાળા અને ધોરણ- ૬ થી ૮ ની ઉચ્ચ પ્રાથમિક શાળા અલગ-અલગ એકમ ગણાશે. તેથી જો બંને વિભાગ માટે અરજી કરવાની હોય તો અલગ-અલગ વિભાગ દીઠ રૂ.૨૫,૦૦૦/- ફી ભરવાની રહેશે. સંબંધિત સંસ્થાએ નેટ બેન્કીંગથી ઓનલાઇન ફી ભરેલ હોય અને તેમાં કોઇ પ્રશ્ન કે મુશ્કેલી હોય તો સંબંધિત બેન્કનો અથવા સાયબર ટ્રેઝરીનો હેલ્પ લાઇન નં. 079-232-57325 અને 079-232-57326 પર સંપર્ક કરવાનો રહેશે.

અરજી કોણ કરી શકશેઃ મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ હેઠળ અથવા મંડળી રજિસ્ટ્રેશન એક્ટ-૧૮૬૦ (સન-૧૯૬૦ના ૨૧માં) હેઠળ રજિસ્ટર્ડ થયેલ મંડળી અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાથી અથવા કંપની અધિનિયમ-૧૯૫૬ (સન-૧૯૫૬ના પહેલા) ની કલમ-૨૫ હેઠળ રજિસ્ટર્ડ થયેલી હોય એવી સંસ્થા અરજી કરી શકશે. વેબ સાઇટ પર શાળાની માન્યતાના માપદંડો, અરજી સાથે રજુ કરવાના આધાર વગેરેની માહિતી મુકવામાં આવેલી છે. જેનો સંપૂર્ણ અભ્યાસ કરી અરજી કરવા જણાવવામાં આવે છે.

નવી શાળા શરૂ કરવા અંગે શાળા શરૂ કરવા માગતા શાળા ટ્રસ્ટ/સંસ્થા/કંપનીએ મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમોઃ૧૯૪૯ ના નિયમ-૧૦૬ હેઠળ તેમજ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ(આર.ટી.ઈ.એક્ટ)-૨૦૦૯ અને આર.ટી.ઇ. રુલ્સ- ૨૦૧૨ હેઠળ શાળા માટે નિયત થયેલા ધોરણ અને માપદંડ મુજબ જરૂરી મકાન, સ્ટાફ, આરોગ્ય વિષયક અને ભૌતિક સુવિધાઓ, ગ્રંથાલય અને રમતના મેદાન સહિત ખેલકૂદની સાધન સામગ્રી હોવી જરૂરી છે.

તા. ૧૩/૦૧/૨૦૨૨
સ્થળઃ ગાંધીનગર

(ડૉ.એમ.આઈ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

Scanned with CamScanner
Scanned by CamScanner

**નવી નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓ (ધોરણ ૧ થી ૫) અને નવી નોન ગ્રાન્ટેડ ઉચ્ચ પ્રાથમિક શાળાઓ (ધોરણ ૬ થી ૮) તેમજ નોન ગ્રાન્ટેડ વધારાના/ક્રમિક વર્ગો મંજૂર કરવા બાબતે અરજી ફોર્મ ભરવા અંગેની સુચનાઓ. ( વર્ષ ૨૦૨૨-૨૩)**

(1) ફોર્મના લાગુ પડતા કોલમ ભરવા આવશ્યક છે.

(2) સંપૂર્ણ ફોર્મ ભર્યા પછી Confirmબટન ક્લીક કરવું. Print Applicationમાં જઇ ફોર્મની પ્રિન્ટ કાઢવી.

(3) વિભાગ –A માં તાલુકાના કોલમમાં અધિકૃત નગરપાલિકા પ્રાથમિક શિક્ષણ સમિતિના વિસ્તાર હેઠળની શાળાઓએ પોતાની નગરપાલિકા દર્શાવવી. (૭ મહાનગરપાલિકા+૧૩ નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ)

(4) વિભાગ G માં એક કર્મચારીની માહિતી ભરી ત્યાર પછી Add બટન ક્લીક કરી બીજા-ત્રીજા-ચોથા એમ તમામ શૈક્ષણિક કર્મચારીઓની માહિતી ભરવાની છે.

(5) વિભાગ A અને B પૂર્ણ થયા બાદ એક નંબર જનરેટ થશે. તે નોંધી રાખો અને આવશ્યકતા ઉભી થયે Add ઓપ્શન ઉપર ક્લીક કરી આ નંબરથી ફાઇનલ ફોર્મ સબમીટ કરાવો તે પહેલા સુધારાઓ કરી શકશો.

(6) ફોર્મ સંપૂર્ણ ભરાયા બાદ તેની પ્રિન્ટ કાઢી જરૂરી પ્રમાણપત્રો ભરી સહી સિક્કા સાથે તેમજ તેના આધારો સાથે અધિકૃત અધિકારી એટલે કે જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં સમય મર્યાદામાં જમા કરાવવાના રહેશે.

(7) ફોર્મ Confirm& Submit કર્યા પછી Application Number જનરેટ થશે જે નોંધી રાખવો જરૂરી છે. ભવિષ્યમાં પત્રવ્યવહાર/સંચાર કરવા માટે આ નંબરનો ઉપયોગ કરવાનો રહેશે.

(8) વધુ માહિતી માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરવો.

.....................................................................

**Submit કરેલા ફોર્મની હાર્ડ કોપી જાહેરાતમાં જણાવેલ સમય મર્યાદામાં નીચેના પ્રમાણપત્રો/આધાર-પુરાવા સાથે જે તે અધિકૃત અધિકારી એટલે કે જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.**

- ઓન લાઇન અરજીની પ્રિન્ટ કોપી
- ટ્રસ્ટ રજિસ્ટ્રેશન પ્રમાણપત્રની પ્રમાણિત નકલ/કંપની રજિસ્ટ્રેશનની પ્રમાણિત નકલ
- ટ્રસ્ટીઓના નામ સરનામા સહિત ટ્રસ્ટ ડીડની પ્રમાણિત નકલ/કંપનીના કિસ્સામાં બોર્ડ ઓફ ડાયરેક્ટરની યાદી. છેલ્લા પી.ટી.આર.ની નકલ.
- ઓનલાઇન નેટ બેન્કીંગથી નિયત કરેલ ફી ભર્યા અંગેની ટ્રાન્ઝેકશન રીસીપ્ટની નકલ.
- ટ્રસ્ટ/મંડળ/કંપનીની આર્થિક સધ્ધરતા અંગે બેન્ક સર્ટી
- ટ્રસ્ટ/મંડળ/કંપની ના ઓડિટ રિપોર્ટની નકલ
- શાળાના મકાનના સંચાલક મંડળના પોતાની માલિકીના આધાર અથવા ઓછામાં ઓછા ૧૫ વર્ષ માટેના રજિસ્ટર્ડ લીઝના આધાર. (રજીસ્ટર્ડ એટલે કે, લીઝ ડીડ રજીસ્ટ્રારની કચેરીમાં નોંધાયેલ હોવો જોઇએ.)

Scanned with CamScanner

Scanned by CamScanner

- શાળાના મકાનનો ક્ષેત્રફળ સહિતનો નકશો અને નકશામાં વર્ગખંડોના ક્ષેત્રફળ દર્શાવેલા હો[illegible] જોઈશે. તથા તે સરકારી અધિકારી દ્વારા પ્રમાણિત કરેલ હોવા જોઈશે.
- શાળના મકાનના વિવિધ સુવિધા ધરાવતા અદ્યતન ફોટોગ્રાફસ સામેલ રાખવા.
- શાળાના મેદાનનો ફોટોગ્રાફસ સામેલ રાખવો. શાળાથી રમતના મેદાનનું અંતર દર્શાવતો આધાર સામેલ રાખવો.
- પ્રત્યકે વર્ગખંડનું ભોયતળિયાનું ક્ષેત્રફળ સામાન્ય રીતે ઓછામાં ઓછું ૩૦૦ ચો.ફુટથી ઓછું હોવું જોઈશે નહીં.
- મકાન વાળી જમીનનું એન.એ./એન.ઓ.સી સર્ટીફીકેટ
- "મકાન શૈક્ષણિક હેતુ માટે વપરાશ યોગ્ય છે" તે અંગે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (વાણિજિયક હેતુ માટે મંજૂરી મળેલ હોય તેવા મકાનમાં શાળા શરૂ કરી શકાશે નહી.
- વર્ષ ૨૦૦૧ પહેલાં નિર્માણ પામેલ મકાન માટે મકાન ભૂકંપનો સામનો કરી શકે તેવું હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર.
- શાળાના મકાનમાં ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરવામાં આવેલ હોવા અંગેનું પ્રમાણપત્ર
- રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ની અનુસૂચિમાં જણાવ્યા મુજબ ભૌતિક સુવિધાઓ પુરતી અને પર્યાપ્ત છે તે બાબતના આધારો (કુમાર, કન્યા માટે અલગ શૌચાલયોની સુવિધા, પાણીની વ્યવસ્થા વગેરે સહિત)
- ૩ કિલોમીટરની ત્રિજ્યામાં આવતી શાળાઓના "ના વાંધા પ્રમાણપત્ર"
- બાળકોના મફત અને ફરજિયાત અધિકાર નિયમો-૨૦૧૨ની અનુસૂચિ મુજબની બાહેધરીઓ.
- ફી રેગ્યુલેશન એકટ-૨૦૧૭ અને સ્કૂલસેફટી પોલીસી-૨૦૧૬ના અમલ માટેની બાહેધરી
- સંભવિત શૈક્ષણિક સ્ટાફના નામ, લાયકાતો સાથેનું પત્રક
- વર્ગ વધારા/ક્રમિકવર્ગ માટે સ્ટાફના પગારો બેન્ક મારફત ચુકવાતા હોવાના અધારો
- વર્ગ વધારા/ક્રમિકવર્ગ માટે સ્ટાફની શૈક્ષણિક લાયકાત સાથેનું પત્રક
- નવી શાળા માટે સ્ટાફના પગારો બેન્ક મારફત ચુકવવામાં આવશે તે અંગેની બાંહેધરી
- શાળામાં ધોરણવાર દાખલ થનાર સંભવિત બાળકોની સંખ્યા
- ટ્રસ્ટ/મંડળ/કંપની રાજ્યમાં અન્ય સંસ્થાઓ ચલાવતી હોય તો તેની વિગતો આધાર સાથે.
- ટ્રસ્ટ/મંડળ/કંપની આ શાળા કેમ્પસમાં અન્ય સંસ્થાઓ ચલાવતી હોય તો તેની વિગતો/આધારો
- રમત ગમતનું મેદાન : શહેરી વિસ્તાર માટે ૮૦૦ ચો.મીટર, ગ્રામ્ય વિસ્તાર માટે ૧૫૦૦ ચો.મીટર જે એન.એ.થયેલુ હોવુ જોઇએ.રમતત-ગમતના મેદાન સસ્થા/ શાળા મંડળની માલિકીનું હોવા અંગેના અથવા ઓછામાં ઓછા ૧૫ વર્ષ માટેના રજિસ્ટર્ડ લીઝના આધાર
- મકાન એક કરતાં વધુ માળનું હોય તો એક થી વધુ સીડી ધરાવતા હોવાનો આધાર.
- શાળા મંડળનો ઠરાવ તેમજ અરજીમાં માંગ્યા મુજબના તમામ જરુરી આધારો.
- જ્યારે સંબંધિત અધિકારીશ્રીને ફાઈલ રજુ કરવામાં આવે ત્યારે ઉપરોકત મુજબના આધાર ફાઈલ સાથે સામેલ રાખેલ હોય, તે આધાર સરળતાથી ફાઈલમાંથી મેળવી શકાય તે માટે અનુક્રમણિકા બનાવી, કયો આધાર કયાં પેજ પર સામેલ છે. તે ખાસ દર્શાવવું.

---

Scanned by CamScanner

વર્ષ ૨૦૨૨-૨૩ ના શૈક્ષણિક વર્ષ માટે નવી બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાની મંજૂરી અથવા ક્રમિક વર્ગ / વર્ગ વધારાની માટેની મંજૂરી માટે આવેલ દરખાસ્ત ચકાસવા તથા સ્થળ તપાસમાં ચકાસવાની વિગતો અંગેનું "ચેકલિસ્ટ"

| ક્રમ | | વિગત | તપાસણી અધિકારી/ કર્મચારીના રીમાર્કસ |
|---|---|---|---|
| (૧) | | (૨) | (3) |
| ૧ | | અરજીમાં દર્શાવેલ શાળાની વિગતો, ચકાસણી કરતા બરાબર માલૂમ પડેલ છે? જો કોઇ વિગત બાકી હોય અથવા દર્શાવેલ ન હોય તો તેનો ઉલ્લેખ રીમાર્કસમાં કરવો | |
| ૨ | • | ટ્રસ્ટની વિગતઃ- ટ્રસ્ટ<br>મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ હેઠળ.<br>મંડળી રજિસ્ટ્રેશન એકટ ૧૮૬૦ હેઠળ અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા અથવા કંપની અધિનિયમ-૧૯૫૬ હેઠળ રજિસ્ટર થયેલ છે કે કેમ ? | |
| 3 | | નવી શાળા અથવા વર્ગ વધારા/ક્રમિક વર્ગ વધારાની મંજૂરી માટે જરૂરી નિયત ફી નેટબેન્કીંગથી ઓનલાઇન જમા કરાવેલ છે ? કે કેમ ? | |
| ૪ | | ટ્રસ્ટે તેમની માંગણી મુજબ માધ્યમનો ઉલ્લેખ કરેલ છે કે કેમ ? | |
| ૫ | | આર્થિક સધ્ધરતા માટે તાજેતરનું બેલેન્સ સર્ટી રજૂ કરેલ છે ? | |
| ૬ | | ટ્રસ્ટ જૂનું હોયતો, તેના છેલ્લા ત્રણ વર્ષના ઓડીટ રીપોર્ટ રજૂ કરેલા છે કે કેમ ? | |
| ૭ | • | શાળાના મકાન બાબતેઃ- | |
| | ૭.૧ | શાળાનું મકાન ટ્રસ્ટની માલિકીનું અથવા ઓછામાં ઓછા ૧૫ વર્ષ માટેના રજિસ્ટર્ડ લીઝ પરનું છે ? | |
| | ૭.૨.૧ | શાળાના રમતગમતનું મેદાન ટ્રસ્ટની માલિકીનું અથવા ઓછામાં ઓછા ૧૫ વર્ષ માટેના રજિસ્ટર્ડ લીઝ પરનું છે ? | |
| | ૭.૨.૨ | શાળાનો કુલ વિસ્તાર રમત ગમતના મેદાનનું ક્ષેત્રફળ જરૂરીયાત મુજબનું છે કે કેમ ? | |
| | ૭.૨.3 | - શાળાના મકાનનો બાંધકામનો કુલ વિસ્તાર (ચો.મી. માં) | |
| | ૭.૨.૪ | - રમત ગમતના મેદાનનો ચોખ્ખો કુલ વિસ્તાર (ચો.મી.માં) | |
| | ૭.૪ | શાળાના મકાનનો/વેપારીક/રહેણાંક/ રાજકીય /બિન શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ઉપયોગમાં લેવાય છે ? | |
| | ૭.૫ | શાળાના મકાનવાળી જમીન NA/NOC વાળી છે કે કેમ ? | |
| | ૭.૬ | શાળાના મકાન માટે વિકાસની પરવાનગી મેળવેલ છે કે કેમ ? | |
| | ૭.૭ | શાળાના મકાન બાંધકામના નકશા સક્ષમ અધિકારી દ્વારા મંજુર કરાવેલા છે? | |
| | ૭.૮ | મકાન "શાળાના વપરાશ માટે યોગ્ય છે" (બી.યુ.પી) તે મતલબનું સક્ષમ અધિકારી પાસેથી પ્રમાણપત્ર મેળવેલ છે ? | |

Scanned with CamScanner

Scanned by CamScanner

| | | | |
|---|---|---|---|
| | ૭.૯ | મકાન ભૂકંપનો સામનો કરી શકે તેવું હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર મેળવેલ છે ? | |
| | ૭.૧૦ | નવી શાળા માટે દર્શાવેલ શાળા મકાનનો અન્ય પ્રાથમિક/માધ્યમિક/ઉ.મા. માટે ઉપયોગ કરવામાં આવે છે ? જો હા તો તેની વિગતોના નામ સાથે | |
| | ૭.૧૧ | સૂચિત શાળાના મકાનમાં કોઇ અમાન્ય શાળા ચાલે છે ? | |
| | ૭.૧૨ | સૂચિત શાળાના મકાનમાં ચાલતી તમામ અન્ય શાળા/કોલેજ/અન્ય સંસ્થાના આધાર માન્ય છે ? | |
| | ૭.૧૩ | સૂચિત શાળાના કેમ્પસમાં માંગેલ માધ્યમ અને માંગેલ ધોરણની કોઇ શાળા ચાલુ છે ? | |
| ૮ | • | <u>ભૌતિક સુવિધાઓ:-</u> | |
| | ૮.૧ | શાળાના મકાનમાં નવી શાળા/વર્ગ વધારો/ક્રમિક વર્ગ માટે પર્યાપ્ત સંખ્યામાં જરૂરીયાત મુજબના ક્ષેત્રફળવાળા વર્ગખંડો છે ? કુલ કેટલા વર્ગખંડો છે ? | |
| | ૮.૨ | આ ઉપરાંત કાર્યાલય ખંડ, સ્ટાફરૂમ, આચાર્યરૂમ અલગ અલગ છે ? જો હા, તો કેટલા છે ? | |
| | ૮.3 | ગ્રંથાલય અને પ્રયોગશાળા માટે અલગ અલગ રૂમની વ્યવસ્થા છે ? | |
| | ૮.૪ | શાળાનું મકાન ભોંયતળિયા સાથે કેટલા માળનું છે ? | |
| | ૮.૫ | શાળાના મકાનમાં ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરવામાં આવેલ છે ? | |
| | | શાળાનું મકાન શાળાકીય હેતુ માટે જ બનાવેલ છે કે કેમ ? | |
| | ૮.૬ | શાળાનું મકાન શોપીંગ સેન્ટર અથવા રહેણાંકનું છે કે કેમ ? | |
| | ૮.૭ | શાળાનું મકાન એક કરતાં વધુ માળનું હોય તો એકથી વધુ સીડી ધરાવે | |
| | ૮.૮ | છે કે કેમ ? | |
| | | રમત ગમત માટેનું મેદાન શાળાથી કેટલા અંતરે આવેલ છે ? | |
| | ૮.૯ | | |
| ૯ | • | <u>આરોગ્ય વિષયક સુવિધાઓ:-</u> | |
| | ૯.૧ | શાળામાં સ્ટાફ તથા કુમાર/કન્યા માટે પુરતા પ્રમાણમાં શૌચાલયોની અલગ અલગ સુવિઓ છે કે કેમ ? | |
| | ૯.૨ | અલગ વ્યવસ્થા છે તો કેટલી સંખ્યામાં ? | |
| | ૯ ૨.૧ | સ્ટાફ માટે | |
| | ૯.૨.૨ | કુમાર માટે | |
| | ૯.૨.3 | કન્યા માટે | |
| | ૯.3.૧ | શાળામાં પીવાના પાણી માટે જરૂરી વ્યવસ્થા ગોઠવેલ છે ? માટલા/નળ છે ? | |
| | ૯.3.૨ | વોટર કુલર છે ? | |
| | ૯.3.3 | આર.ઓ પ્લાન્ટ છે ? | |
| | ૯.3.૪ | શાળાના મકાન/વર્ગ ખંડો હવા ઉજાસવાળા છે કે કેમ ? | |

Scanned with CamScanner
Scanned by CamScanner

| | | | |
|---|---|---|---|
| ૧૦ | * | <u>ક્રમિક/વર્ગ વધારા માટેઃ-</u> | |
| | ૧૦.૧ | RTE એક્ટ/નિયમો મુજબ શાળાનું વિભાજન ધો. ૧ થી ૫ અને ધો. ૬ થી ૮ માં થયેલ છે ? | |
| | ૧૦.૨ | શાળામાં ચાલતા વર્ગો માન્ય વર્ગો જ છે ને ? માન્ય વર્ગો માટે રાખવામાં આવેલ શૈક્ષણિક સ્ટાફ નિયત તાલીમી લાયકાત ધરાવે છે ? | |
| | | શૈક્ષણિક સ્ટાફ પગારો રાષ્ટ્રીયકૃત બેંકમારફત/ચેક દ્વારા ચૂકવાય છે ? | |
| | ૧૦.૩ | શાળા ટ્રસ્ટના ઓડિટ રીપોર્ટ રજૂ થયેલ છે ? | |
| | | નફાના હેતુથી શાળા ચલાવવામાં આવતી નથી ને ? | |
| | ૧૦.૪ | માંગેલ ક્રમિક વર્ગ/વધારાના વર્ગ માટે પૂરતા ક્ષેત્રફળ, પૂરતા ઓરડા | |
| | ૧૦.૫ | છે કે કેમ ? | |
| | ૧૦.૬ | વધારાના વર્ગો માટે જરૂરી ભૌતિક સુવિધારો તથા આરોગ્ય વિષયક સુવિધારો ઉપલબ્ધ છે કે કેમ ? | |
| | ૧૦.૭ | | |
| ૧૧ | | માન્યતા નકારવાની થતી હોય તો તેના સ્પષ્ટ વિગતવાર કારણોઃ- લાગુ પડતા કારણ સામે ટીકમાર્ક કરો | |
| | ૧ | આરોગ્ય વિષયક સગવડ નથી/ભૌતિક સુવિધા પર્યાપ્ત નથી | |
| | ૨ | આજુબાજુની શાળાના ના વાંધા પ્રમાણપત્ર રજુ કરેલ નથી. | |
| | ૩ | બિન તંદુરસ્ત હરિફાઇ થવાની તેમજ આજુબાજુની શાળાની વાંધા અરજીના કારણસર | |
| | ૪ | સક્ષમ અધિકારી દ્વારા શાળાના મકાનનો પ્લાન મંજુર કરાવેલ નથી. તેમજ રજાચિઠી રજુ કરેલ નથી | |
| | ૫ | બાંધકામ માટે રજા ચિઠ્ઠી / વિકાસની પરવાનગી રજુ કરેલ નથી. | |
| | ૬ | સક્ષમ ઓથોરીટીએ માન્ય કરેલ સ્ટ્રકચર એન્જિનિયરનું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી. | |
| | ૭ | શાળાનું મકાન ટ્રસ્ટની માલિકીનું નથી અથવા ઓછામાં ઓછા ૧૫ વર્ષ માટે રજીસ્ટર્ડ લીઝ રજુ કરેલ નથી. | |
| | ૮ | રમત-ગમતનું મેદાન ટ્રસ્ટની માલિકીનં નથી અથવા ૧૫ વર્ષ માટે રજીસ્ટર્ડ લીઝ રજુ કરેલ નથી. | |
| | ૯ | મંડળ આર્થિક સધ્ધરતા ધરાવતું નથી. | |
| | ૧૦ | મકાન વપરાશ યોગ્ય છે તે મતલબનું (બી.યુ.પી.) સક્ષમ ઓથોરીટીનું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી. | |
| | ૧૧ | વિદ્યાર્થીની પૂરતી સંખ્યા મળી શકે તેમ નથી/આ વિસ્તારમાં શાળાની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી. | |
| | ૧૨ | વર્ગખંડ (RTE રૂલ્સ ૨૦૧૨ માં દર્શાવ્યા મુજબ) પૂરતા ક્ષેત્રફળ વાળા ન હોવાથી. | |
| | ૧૩ | શાળામાં પૂરતા વર્ગખંડો નથી. | |
| | | જરૂરિયાત પ્રમાણે પુરતા ક્ષેત્રફળવાળુ રમત-ગમતનું મેદાન ન હોવાથી. | |
| | ૧૪ | | |

Scanned with CamScanner

Scanned by CamScanner

| | | | |
|---|---|---|---|
| | | ફરજિયાત શિક્ષણ દ્વારા અધિનિયમ-૨૦૦૯ અને ગુજરાત સરકારના RTE | |
| | ૧૫ | રૂલ્સ ૨૦૧૨ ની જોગવાઇ અમલ કરવાની બાંહેધરી આપેલ નથી. | |
| | | સ્કૂલ સેફટી પોલીસીની બાંહેધરી આપેલ નથી. | |
| | ૧૬ | ફી રેગ્યુલેશન એક્ટની બાંહેધરી આપેલ નથી. | |
| | ૧૭ | શાળામાં અગ્નિશામક ફાયર સેફટીનું અધિકૃત અધિકારીનું એન.ઓ.સી. | |
| | ૧૮ | મેળવેલ નથી. | |
| | | ઓનલાઇન જરૂરી ફી નિયત કરેલ સદરે જમા કરાવેલ નથી. | |
| | ૧૯ | (ક્રમિક / વર્ગ વધારાના કિસ્સામાં) શાળા સ્ટાફનો પગાર બેન્ક મારફતે | |
| | ૨૦ | કરવામાં આવતો નથી. | |
| | | (ક્રમિક / વર્ગ વધારાના કિસ્સામાં) શાળા સ્ટાફ નિયત લાયકાત ધરાવતો | |
| | ૨૧ | નથી. | |
| | | શાળાના મકાનનો હાલનો હયાત ફોટોગ્રાફ રજૂ કરેલ નથી. | |
| | ૨૨ | શાળાના મેદાનનો હયાત ફોટોગ્રાફ રજુ કરેલ નથી. | |
| | | અન્ય કોઇ કારણ હોય તો (ચેકલીસ્ટ મુજબ અથવા અરજીમાં માંગ્યા | |
| | ૨૩ | મુજબ અથવા અન્ય) | |
| ૧૨ | | માન્યતા માટે તપાસ અધિકારીશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય.<br>• સૂચિત શાળાએ માંગણી કરેલ ધોરણની શાળા (ધો. ૧ થી ૫, કે ધો. ૬ થી ૮) | |
| | | • માધ્યમનું નામ | |
| | | • સદર શાળાએ માંગણી કરેલ વર્ગ વધારાના ધોરણ. | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ધો.૧ | ધો. ૨ | ધો. ૩ | ધો.૪ | ધો.૫ | ધો.૬ | ધો. ૭ | ધો. ૮ |
| | | | | | | | | | |
| | | • સદર શાળાએ માંગણી કરેલ ક્રમિક વર્ગ વધારાના ધોરણો. | | | | | | | |
| | | | ધો. ૨ | ધો. ૩ | ધો.૪ | ધો.૫ | ધો. ૭ | ધો. ૮ | |
| | | | | | | | | | |
| | | • મંજૂર કરવા ભલામણ છે ? કે ભલામણ નથી ? | | | | | | | |

| | | | |
|---|---|---|---|
| | | તારીખ | સહી<br>નામ<br>હોદ્દો |
| ૧૨ | | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનો નિર્ણય અલગ પડતો હોય તો તેના સ્પષ્ટ કારણો સહિતનો નિર્ણય આપવો. | |

ચેકલીસ્ટમાં વિગતવાર સ્પષ્ટ માહિતી ભરવી.

સ્થળ -

તારીખ -

સહી/ અધિકારીનું નામ

સિક્કો

Scanned by CamScanner

## FAQ

## નોન ગ્રાન્ટેડ નવી પ્રાથમિક શાળા (ધોરણ ૧ થી ૫, ધોરણ ૬ થી ૮) શરૂ કરવા અંગેની પ્રશ્નાવલી

**(૧) નવી પ્રાથમિક શાળા(ધોરણ ૧ થી ૫, ધોરણ ૬ થી ૮) નોન ગ્રાન્ટેડ શરૂ કરવા કોણ અરજી કરી શકે?**

મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ હેઠળ અથવા મંડળી રજીસ્ટ્રેશન એકટ-૧૮૬૦ (સન ૧૮૬૦ ના ૨૧ માં) હેઠળ રજીસ્ટર્ડ થયેલ અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદાથી અથવા કંપની અધિનિયમ ૧૯૫૬ (સન-૧૯૫૬ના પહેલા)ની કલમ-૨૫ હેઠળ રજીસ્ટર્ડ થયેલી હોય એવી સંસ્થા કરી શકશે. જે સંસ્થા રજીસ્ટર્ડ થયેલ ન હોય અથવા રજીસ્ટ્રેશન માટે અરજી કેરલ હોય પરંતુ રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર ન મળેલ હોય તે અરજી કરી શકશે નહિ.

**(૨) નવી ખાનગી પ્રાથમિક શાળા શરૂ કરવા અરજી કયારે કરી શકાય?**

દર વર્ષે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર તરફથી જાહેર વર્તમાન પત્રોમાં ડિસેમ્બર થી ફેબ્રુઆરી માસમાં જાહેરાત આપી આગામી શૈક્ષણિક વર્ષથી ખાનગી પ્રાથમિક શાળા શરૂ કરવા અરજી કરવા અંગે સમય મર્યાદા સાથે જાહેર કરવામાં આવે છે તે પ્રમાણે અરજી કરવાની હોય છે.

**(૩) અરજી કેવી રીતે કરવાની હોય છે?**

નવી ખાનગી પ્રાથમિક શાળા શરૂ કરવાની અરજી જાહેરાતમાં આપેલ વેબસાઇટ ઉપર ઓનલાઇન કરવાની હોય છે. ધોરણ- ૧ થી ૫ માટે અને ધો. ૬ થી ૮ માટે અલગ અલગ અરજી કરવાની હોય છે. અલગ અલગ માધયમ માટે અલગ અલગ અરજી કરવાની હોય છે. તે જ રીતે ધો. ૧ થી ૫ ના ક્રમિક વર્ગ /વર્ગ વધારા માટે તેમજ ધો. ૬ થી ૮ ના ક્રમિક વર્ગ / વર્ગ વધારા માટે પણ અલગ અલગ અરજી કરવાની હોય છે.

**(૪) સામાન્ય રીતે અરજી કરવા માટેની વેબસાઇટ કઇ હોય છે?**

ઓનલાઇન અરજી માટે નીચેની વેબસાઇટનો ઉપયોગ કરવો. http://newschool.orpgujarat.com

**(૫) નવી શાળા મંજુરી માટે સરકારી ફી કેટલી હોય છે?**

નવી શાળાની મંજુરી માટે રૂ. ૨૫૦૦૦/- યુનિટ દિઠ ભરવાના હોય છે. દા.ત. કોઇ ટ્રસ્ટ ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ એક બંને યુનિટ શરૂ કરવા માંગતા હોય તો બન્ને યુનિટ માટે અલગ અલગ રૂ. ૨૫૦૦૦/- (કુલ રૂ. ૫૦૦૦૦/- ) ફી પેટે જમા કરાવવાના હોય છે. જો વધારાના વર્ગ ખોલવાના હોયતો વર્ગ દીઠ ૫૦૦૦/- ફી ભરવાની હોય છે. જો ધોરણ- ૧ થી ૫ હોય અને માત્ર ધોરણ- ૬ અથવા ધોરણ- ૬, ૭ અથવા ધોરણ- ૬, ૭, અને ૮ શરૂ કરવા હોય તો પણ નવી ઉચ્ચ પ્રાથમિક શાળા ગણી રૂ. ૨૫૦૦૦/- ફી ભરવાની રહેશે. આ ફીની રકમ કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

**(૬) નવી પ્રાથમિક શાળા માટે નિયત કરેલ ફી કયાં અને કેવી રીતે જમાં કરાવવાની હોય છે?**

ઓનલાઇન ફોર્મ ભરતાં પહેલાં નિયત કરેલ ફી ઓનલાઇન નેટ બેન્કીંગથી જમા કરાવવાની છે. ધોરણ- ૧ કે ૧ થી ૫ ની મંજુરી મેળવવા માટે તેમજ ધોરણ- ૧ થી ૫ ની મંજુરી મળેલ હોય અને પ્રથમવાર ધોરણ- ૬ અથવા ધો. ૬-૭ અથવા ધો. ૬-૭-૮ શરૂ કરવું હોય તો ઉચ્ચ પ્રાથમિક શાળા તરીકે રૂ. ૨૫,૦૦૦/- ફી ભરવાની રહેશે.

**(૭) નવી પ્રાથમિક શાળા માટે નિયત કરેલ ફી ભરવાની કોઇ સમય મર્યાદા હોય છે કે કેમ?**

નવી પ્રાથમિક શાળા શરૂ કરવાની જાહેરાતમાં નિયત ફી ભરવા અંગે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ સુધીની સમય મર્યાદા આપવામાં આવેલ હોય છે જે સમય મર્યાદાની અંદર ઓનલાઇન ફી ભરવાની રહેશે. સમય મર્યાદા બહાર ઓનલાઇન ફી ભરેલ હશે તો અરજી સ્વીકારવામાં આવશે નહીં.

**(૮) નવી પ્રાથમિક શાળા માટે ઓનલાઇન અરજી કર્યા બાદ ફાઇલ કયાં જમા કરાવવાની હોય છે?**

અધિકૃત નગર પાલિકા / મહાનગરપાલિકા વિસ્તાર માટે શાળા શરૂ કરવા માંગતા હો તો જિલ્લા સંબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં અને જો જિલ્લા પંચાયત વિસ્તાર માટે શરૂ કરવા માંગતા હો તો સંબંધિત જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં ફાઇલ જમા કરાવવાની હોય છે.

**(૯) નવી પ્રાથમિક શાળા શરૂ કરવાની ફાઇલ સાથે કયા દસ્તાવેજી પુરાવા રજુ કરવાના હોય છે?**

ઓનલાઇન અરજી કરતી વખતે ફાઇલ સાથે જોડવાના સાધનિક પુરાવાની યાદી (ચેકલીસ્ટ) વેબસાઇટ ઉપર મુકવામાં આવે છે તે ચેકલીસ્ટ મુજબના પુરાવા પેજ નંબર સાથે ફાઇલમાં રાખી, ફાઇલ જે તે અધિકૃત અધિકારીને જમા કરાવવાની હોય છે. આમ છતાં સમાન્ય રીતે નીચે યાદી મુજબના પુરાવા જરૂરી છે.

Scanned with CamScanner

Scanned by CamScanner

- ઓનલાઇન અરજીની પ્રીન્ટ કોપી.
- ટ્રસ્ટ રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની પ્રમાણિત નકલ/કંપની રજીસ્ટ્રેશનની પ્રમાણિત નકલ
- નિયત કરેલ ફી ઓનલાઇન ભર્યા અંગેના આધારો/ રીસીપ્ટ
- ટ્રસ્ટ/મંડળનું બેંક બેલેન્સ સર્ટી/ કંપની ઓડીટ રીપોર્ટની નકલ
- શાળાના મકાનના સંચાલક મંડળની માલિકીના આધાર અથવા ઓછામાં ઓછા ૧૫ વર્ષ માટેનો રજિસ્ટર્ડ લીઝ મેળવ્યાનો આધાર.
- <u>સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરેલ શાળાના મકાનનો નકશો. (નકશામાં જમીનના સર્વે નંબર તેમજ અન્ય તમામ વિગતો, વર્ગખંડના ક્ષેત્રફળ, મેદાનના ક્ષેત્રફળ સહિત) તથા મકાન તેમજ રમતગમતના મેદાનના અદ્યતન ફોટોગ્રાફસ.</u>
- શાળા મકાન વાળી જમીનનો એન.એ. નો હુકમ. જો ગામતળની જમીન હોય તો પરવાનાની નકલ
- "મકાન શૈક્ષણિક હેતુ માટે વપરાશ યોગ્ય છે" (BUP) તેવુ સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર
- ત્રણ કિ.મી.ની ત્રિજયામાં આવતી પ્રાથમિક શાળાઓના વિગતવાર "ના વાંધા પ્રમાણપત્ર"
- સક્ષમ ઓથોરીટીનું ફાયર સેફટી સર્ટીફીકેટ (એન.ઓ.સી.)
- RTE Act ૨૦૦૯ ની અનુસુચીમાં જણાવ્યા મુજબ ભૌતિક સુવિધાઓ પુરતી અને પર્યાપ્ત છે તે બાબતના આધારો.
- બાળકોના મફત અને ફરજીયાત અધિકાર નિયમો ૨૦૧૨ ની અનુસુચી મુજબની બાંહેધરીઓ.
- ફી રેગ્યુલેશન એકટ- ૨૦૧૭ અને સ્કૂલ સેફટી પોલીસી-૨૦૧૬ ના અમલની બાંહેધરી
- શાળામાં ધોરણવાર દાખલ થનાર સંભવિત બાળકોની યાદી/સંખ્યા.
- ટ્રસ્ટ કે મંડળની અન્ય સંસ્થાઓ ચલાવવામા આવતી હોય તો તેની વિગતો આધાર સાથે.
- રમત-ગમતનું મેદાન - શહેર વિસ્તાર માટે- ૮૦૦ ચો.મી., ગ્રામ્ય વિસ્તાર માટે -૧૫૦૦ ચો.મી. જે N A થયેલુ હોવું જોઇએ. રમત-ગમતનું મેદાન સંચાલક મંડળની માલિકીનું હોવા અંગેના અથવા ઓછામાં ઓછા ૧૫ વર્ષ માટેના રજિસ્ટર્ડ લીઝ મેળવ્યાના આધાર.

<u>સદર આધારો ઉપરાંત નિયત ચેકલીસ્ટ પૈકી દર્શાવેલ આધારો સ્કેન કરી અપલોડ કરવાના હોય છે.</u>

**(૧૦) નવી પ્રાથમિક શાળા શરૂ કરવા માટે ફાઇલ જમા કરાવ્યા પછી કયારે અને કેવી રીતે મંજુરી આપવામાં આવે છે?**

સંબંધિત કચેરીએ ફાઇલ જમા કરાવ્યા બાદ સરકારી પ્રતિનિધિ સ્થળ ખરાઇ તથા તપાસ માટે આવતા હોય છે. સરકારી પ્રતિનિધિ સંસ્થાની મુલાકાત લઇ તેમનો અભિપ્રાય રજુ કરે છે. ત્યાર બાદ કચેરી દ્વારા માન્યતા આપવા કે નકારવાનો નિર્ણય કરવામાં આવે છે. મંજૂરી અને નામંજુરીના હુકમો ઓનલાઇન આપવામાં આવતા હોય છે.

**(૧૧) જો મંજુરી નકારવામાં આવે તો, શુ કરવું જોઇએ?**

સંબંધિત કચેરી તરફથી કારણો સહ મંજુરી નકારવામા આવે ત્યારે આદેશની નકલ સાથે અરજી નામંજૂર કરવાના કારણો સંદર્ભે જરૂરી પુરાવા તથા અરજી સમયે જોડેલ તમામ પુરાવા જોડી નકારવામાં આવેલ કારણોના મુદ્દાવાર જવાબો સાથે તથા જીલ્લા શિક્ષણાધિકારી / જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને રજૂ કરેલ ફાઇલ જેવી જ તમામ દસ્તાવેજો સાથેની અલગ ફાઇલ (ચેકલીસ્ટ અને પેજનંબર સાથે) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર ખાતે નામંજૂરીના હુકમથી દિન- ૩૦માં ઓનલાઇન અપીલ કરવાની હોય છે.

**(૧૨) કયા પ્રકારના મકાનમાં શાળા ચાલુ કરી શકાય?**

સામાન્ય રીતે શૈક્ષણિક હેતુ અથવા બહુહેતુક માટે એન.એ. ની મંજૂરી મેળવેલ હોય તેવા મકાનમાં શાળા શરૂ કરી શકાય. વાણિજિયક હેતુ માટે એન.એ.ની મંજૂરી મળેલ હોય તેવા મકાનમાં શાળા શરૂ કરી શકાય નહી.

**(૧૩) દરખાસ્તની મંજૂરી / નામંજૂરીના નિર્ણયની નકલ કેવી રીતે મળશે ?**

સંસ્થાએ કરેલ દરખાસ્તની મંજૂરી / નામંજૂરીના હુકમની નકલ સંબંધિત સંસ્થાએ પોતાના લોગીન આઇ ડી ઓનલાઇન પ્રિન્ટ કાઢી મેળવી લેવાની રહેશે. આ માટે સંબંધિત સંસ્થાએ SMS થી જાણ થયેથી તુરત જ સમયમર્યાદામાં હુકમની નકલ મેળવી લેવામાં નહીં આવે તો તે અંગેની જવાબદારી અરજી કરનારની રહેશે.

---

Scanned by CamScanner

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે નવી બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ શરૂ કરવાની / વર્ગ વધારો / ક્રમિક વર્ગ વધારા માટેની માન્યતા મેળવવા માટે ઓનલાઇન અરજી કરતી વખતે નિયત કરેલ ફી ઓનલાઇન નેટ બેન્કીંગથી ભરવા અંગેની સુચનાઓ.

---

- નવી ખાનગી પ્રાથમિકશાળા/નવી ખાનગી ઉચ્ચ પ્રાથમિક શાળા શરૂ કરવા માટે (ધોરણ-૧ થી ૫ ની મંજુરી મળેલ હોય અને પ્રથમવાર ધો. ૬ અથવા ૬, ૭ અથવા ૬,૭,૮ શરૂ કરવા માટે) અરજી સાથે રૂ.૨૫,૦૦૦/- અને વધારાના /ક્રમિક વર્ગો ખોલવાની અરજી સાથે દરેક વર્ગ દીઠ રૂ.૫,૦૦૦/- ની દરખાસ્ત ફી (પ્રોસેસીંગ ફી) ની રકમ ઓનલાઇન નેટ બેન્કીંગથી ભરવાની રહેશે.
- ઉપર દર્શાવેલ પ્રોસેસીંગ ફીની રકમ નોન- રીફંડેબલ છે, એટલે કે ફોર્મ ભરાઇ ગયા બાદ ભરેલ દરખાસ્ત ફી (પ્રોસેસીંગ ફી) ની રકમ કોઇપણ સંજોગોમાં પરત મેળવવા માટે હકકદાવો કરી શકશે નહીં.
- ઓનલાઇન અરજી ફોર્મ ભર્યા બાદ ફોર્મ સબમીટ કરવાનું રહેશે અને ત્યારબાદ ઓનલાઇન નેટ બેન્કીંગથી ફી ભરવાની છે પરંતુ નેટ બેન્કીંગથી સફળતાપૂર્વક દરખાસ્ત ફી (પ્રોસેસીંગ ફી) જમા થયા બાદ ફોર્મની પ્રિન્ટ મેળવી શકશે.
- સંબંધિત સંસ્થા / શાળા મંડળે દરખાસ્ત ફી (પ્રોસેસીંગ ફી) નેટ બેન્કીંગથી ભરવામાં કોઇ મુશ્કેલી હોય તો તે માટે સંબંધિત બેન્કનો તેમજ સાયબર ટ્રેઝરીનો સંપર્ક કરવાનો રહેશે. સંપર્ક નં. ૦૭૯-૨૩૨-૫૭૩૨૫,

  ૦૭૯-૨૩૨-૫૭૩૨૬
- સંબંધિત સંસ્થા / શાળા મંડળે દરખાસ્ત ફી (પ્રોસેસીંગ ફી) નેટ બેન્કીંગથી ભર્યા બાદ ફી સંબંધે જો કોઇ મુશ્કેલી કે પ્રશ્ન હોય તો પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગુ.રા., ગાંધીનગરના શ્રી બી. એચ. ગજ્જર મો.નં. 94275 25275 પર સંપર્ક કરવાનો રહેશે.

---

Scanned by CamScanner